જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૦૮/૨૦૨૩   મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૩૩૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૫ લીટર દેશી દારૂ, ૧૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૫૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ,૪૮ બિયર ટીન, ૧ કાર, ૨ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૧,૧૪,૯૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૩૩૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## પર્સ ઝુંટવી લઇ ગયાઃ-   સમાચાર યાદી નં.૧૩૩૬/૨૦૨૩

**એલીસબ્રીજઃ** પ્રણાલીબહેન વા/ઓ સૌરભ હેગાજે (ઉ.વ.૨૬) (રહે. યોગેશ્વર એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર રેલ્વેની પાસે વેજલપુર) તા.૧૪/૦૮/૨૦૨૩ કલાક ૬/૨૦ વાગ્યાના સુમારે એલીસબ્રીજ ગુજરાત કોલેજ પાસે રીયો રેસ્ટોરન્ટ આગળથી રીક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ પ્રણાલીબહેનના હાથમાથી પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- મોબાઈલ ફોન, પાવરબેંક તથા ચાર્જર અને રોકડ રૂપિયા ૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૪,૫૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ પ્રણાલીબહેન હેગાજે એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પર્વતસિંહ વેચાતભાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** મનીષા રાજેન્દ્ર બરડીયા (ઉ.વ.૫૨) (રહે. રૂતુરાજ રો-હાઉસ મેકડોનલ્ડ સામે ટી.જી.બી.રોડ, કલ્પના ચાવલા માર્ગ સુરત શહેર) તા.૧૪/૦૮/૨૦૨૩ ના કલાક ૪/૧૫ વાગ્યાના સુમારે રિક્ષામાં બેસી સારંગપુર જોગણીમાતા મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ મનીષા બરડીયાના હાથમાંથી લેડીઝ બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં મોબાઇલ ફોન, ચાંદીના કડા નંગ-૨, મોતીનો હાર અને બુટી થતા નંબરના ચશ્માં તેમજ રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૪,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ મનીષાબહેન બરડીયાએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

## ગાડીનો કાચ તોડી ચોરીઃ- સમાચાર યાદી નં.૧૩૩૭/૨૦૨૩

**નરોડાઃ** કિશનકુમાર ભીખાભાઇ પટેલ (રહે. ગામ-પનાપુર ખેતરમા તા-તલોદ જી-સાબરકાંઠા) એ તા.૧૪/૦૮/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા સ્મશાન ચાર રસ્તા પાસે આવેલ નરોડા કડવા પાટીદાર વાડી આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી ત્રણ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં વિડીયો શુટીંગનો સર-સામાન કુલ કિંમત રૂપિયા ૧,૯૫,૦૦૦/- હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૩૩૮/૨૦૨૩

**બાપુનગરઃ** કલ્પેશ બાબુભાઇ ચિત્રોડીયા (ઉ.વ.૩૮) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ગુજરાતી શાળા નંબર-૯,૧૦ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૩ કલાક ૮/૦૦ વાગ્યા પહેલાં પોતાના ઘરે છતના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી